# વિષય - ગણિત ૨. લાંબુ અને ટૂંકું

❖ **અધ્યયન નિષ્પતિઓ :- ૧.** અંતરના નાના-મોટા એકમ જાણે અને રૂપાંતર કરે. **૨.** લંબાઈ ને લગતા વાસ્તવિક જીવનની સરળ પરિસ્થિતિઓ સમસ્યાઓ આધારીત કોયડા બનાવે અને તેનો મૂળભૂત ચાર ગાણિતિક પ્રક્રિયાઓ દ્વારા ઉકેલ મેળવે

**પ્રશ્ન- ૧. નીચે આપેલા પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો.**

(૧) ૧ મીટર = ...................સેમી

(અ) ૧૦ સેમી (બ) ૧૦૦ સેમી (ક) ૧૦૦૦ સેમી (ડ) ૧ સેમી

(૨) ૧૦૦૦ મીટર = ...........કિ.મીં.

(અ) ૧૦ કિ.મી. (બ) ૧૦૦ કિ.મી. (ક) ૧ કિ.મી. (ડ) ૧૦૦૦ કિ.મી.

(૩) અડધો કિલોમીટર એટલે ...................મીટર.

(અ) ૫૦૦ મીટર (બ) ૫૦ મીટર (ક) ૧૦૦૦ મીટર (ડ) ૭૫૦ મીટર

(૪) ૧૫૦૦ મીટર દોડમાં લોકો કેટલા કિ.મી. દોડી શકે ? .......................

(અ) ૧ કિ.મી. (બ) ૧૫ કિ.મી. (ક) ૧૫૦ કિ.મી. (ડ) ૧.૫ કિ.મી.

(૫) ૪૦ કિ.મી. ની મેરેથોન દોડ એટલે ..........................મીટર દોડ.

(અ) ૪૦૦૦ મીટર (બ) ૪૦૦૦૦ મીટર (ક) ૪૦૦ મીટર (ડ) ૪ મીટર


(૬) ૩.૫ મીટર એટલે કેટલા સેમી ?.................

(અ) ૩૫૦ સેમી (બ) ૩૫ સેમી (ક) ૩૫૦૦ સેમી (ડ) ત્રણેય માંથી એકેય નહી

(૭) ૬ કિમી અને ૫૦૦ મીટર એટલે ......................મીટર.

(અ) ૬૫૦ મીટર (બ) ૬૫ મીટર (ક) ૬૫૦૦ મીટર (ડ) ૬૦૦૦ મીટર

(૮) એક વર્તુળાકાર બગીચાની હદ ૨૦૦ મીટર છે. સાગરને ૧ કિ.મી. અંતર કાપવા માટે કેટલા ચક્કર મારવા પડે ? .......................





(અ) ૨ (બ) ૪ (ક) ૫ (ડ) ૧

**પ્રશ્ન-૨. નીચેનાનું માપન કયા એકમમાં કરશો ? ( સેમી / મીટર / કિમી )**


| | | | |
|---|---|---|---|
| (૧) સાઈકલની લંબાઇ | | (૨) પેનની લંબાઇ | |
| (૩) બે ગામ વચ્ચેનું અંતર | | (૪) ઝાડની ઊંચાઇ | |
| (૫) કપની ઊંચાઇ | | (૬) કુતુબમિનારની ઊંચાઇ | |
| (૭) સાડી લંબાઇ | | (૮) વડોદરા અને ડેસર વચ્ચેનું અંતર | |
| (૯) રેલવેમાં થતી મુસાફરીનું અંતર | | (૧૦) ૧૦૦ રૂપિયાની નોટની લંબાઇ | |

**પ્રશ્ન- ૩. નીચેના પ્રશ્નોના યોગ્ય જવાબ આપો.**

(૧) એક ચોરસ ખેતરની લંબાઇ ૨૫૦ મીટર છે. વિરાજ તે ખેતરની ફરતે ચાર ચક્કર માર છે તો વિરાજે કેટલા કિમી અંતર કાપ્યું હશે ?



(૨) ચાંદની ડેસરથી **૩૦ કિમી** દૂર ડાકોર જાય છે અને આયુષી તે જ સ્થળેથી **૫૨ કિમી** દૂર પાવાગઢ જાય છે. બન્ને વિરૂધ્ધ દિશામાં જાય છે તો ડાકોર અને પાવાગઢ વચ્ચેનું અંતર કેટલું થાય ?




(૩) સુનયના ચાર ચક્કરમાં વર્તુળાકાર બગીચાની ફરતે ૨ કિમી. અંતર કાપે છે તો બગીચાની હદની લંબાઇ કેટલી હશે ?




| | |
|---|---|
| (૩) સુરેશ ૧ મીટર અને ૨૪ સેમી ઊંચો છે અને જીનલ તેના કરતાં ૧૫ સેમી નાની છે તો બન્ને કુલ ઊંચાઇ કેટલી થાય ? | (૪) લાંબી કૂદમા પિન્કી ૩ મીટર અને ૪૫ સેમી કૂદી અને ડિમ્પુ તેના કરતાં ૨૨ સેમી વધારે કૂદી તો ડિમ્પુ કેટલો લાંબો કૂદકો કૂદી હશે ? |

પ્રશ્ન- ૪. પાઠયપુસ્તકનાં પાન નંબર ૧૭ પર આપેલા કોષ્ટકને આધારે આપેલા પ્રશ્નોના જવાબ આપો.

(૧) અમ્રીત પાલને લાંબી કૂદમાં વિશ્વવિક્રમ સ્થાપવા કેટલા સેમી વધારે કૂદવું પડે ? ........................

(૨) ચંદ્રપાલને ઊંચી કુદમાં ૩ મીટર કૂદવા માટે કેટલા સેમી વધારે કૂદવું પડે ?...............................

(૩) બોબીનો ઊંચો કૂદકો લગભગ..........................................છે.

(અ) ૧ મીટર (બ) ૩ મીટર (ક) ૨ મીટર (ડ) ત્રણેયમાંથી એકેય નહી.

(૪) અંજુ જી. ને લાંબી કૂદમાં વિશ્વવિક્રમ સ્થાપવા કેટલા સેમી વધારે કુદવું પડે ?......................

(૫) કોની ઊંચી કૂદ ૨.૫ મીટરની સૌથી વધારે નજીક છે ?...................

(અ) સ્ટેફકા કે. (બ) જાવીઅર એસ. (ક) બોબી એ. (ડ) ચંદ્રપાલ

(૬) ગલીનાએ માઇક પી કરતાં કેટલો ઓછો કૂદકો લગાવ્યો ?........................

પ્રશ્ન-૫. નીચેના જોડકા જોડો.

| વિભાગ - અ | ઉત્તર | વિભાગ - બ |
|---|---|---|
| (૧) ૨. ૪ કિમી | (૧) ................ | (૧) ૯.૫ મીટર |
| (૨) ૯૫૦ સેમી | (૨) ................ | (૨) ૪૪૦ સેમી |
| (૩) ૫૬૦૦ મીટર | (૩) ................ | (૩) ૨ કિ.મી અને ૪૦૦ મીટર |
| (૪) ૪ મીટર અને ૪૦ સેમી | (૪) ................ | (૪) ૫.૬ કિમી |